# હાથે કરીને દુ:ખો ઊભા કર્યા પછી પ્રભુ પ્રત્યે ગુસ્સો કરવો વ્યાજબી છે?



## સાંઇચિંતન
**વિરેશ રૂદલાલ**

સાંઈબાબા સાચા સંત હતા એ આ વાતનું પ્રમાણ હતું. બાપુસાહેબને એમણે જૂઠી સાંત્વના આપી નહોતી કે તારી અશાંતિ હું તાત્કાલિક દૂર કરી દઉં છું. પરંતુ પરમ શકિતના કર્મફળનું ચક્ર ફરે છે અને એના સારા નરસા ફળ મનુષ્યે ભોગવવા પડે છે, જે સમય આવતા દૂર પણ થાય છે અને આ બધાનો નિર્ધારિત સમય હોય છે. એટલી ધીરજ રાખવી પડે છે. બાપુ સાહેબે એવું માંગ્યુ જે બાબાને ગમે એવું હતું. બાબા હંમેશ કહેતા કે ભકતોની સાંસારિક ઈચ્છાઓ હું પૂર્ણ કરૂ છું. પરંતુ એવી આશા પણ રાખું છું કે સમય આવતા તેઓ આનાથી ઉબકી જઈને જે સાર્થક છે જે કામનું છે તે મારી પાસે માંગશે જે મને આપવાની ખુશી થશે. બાપુ સાહેબે કોઈ નક્કામું માંગ્યું નથી પરંતુ સાચુ સુખ અને શાંતિ માંગેલા. હવે કોઈ અહીં પ્રશ્ન કરશે કે લગભગ 8 થી 9 વર્ષના બાબાના સહવાસ અને નિરંતર પવિત્ર પુસ્તકોના અવસાન પછી તું સંન્યાસ લઈને સંપૂર્ણ જવાબદારીથી મુકત થઈને સાચા સુખનો હક્કદાર છે તેને પામીશ.

જો કે બાબા કર્મના ચક્રને કદી અતિક્રમણ કરતા નહિ અને ભકતોની સંસારિક જવાબદારીના વિધિવિધાન પૂર્ણ થયા નહિ હોય ત્યાં સુધી તેને સંસારમાં જ રાખતા અને આ બધો સૂક્ષ્મ સ્તરે બારીકીથી તેઓ અભ્યાસ કરતા. બલ્કે કહો કે આ જ તો તેમનું વિલક્ષણ સંતપણું હતું. યોગીપણું હતું. તેથી જ બાબાએ જોગને કદી કહ્યું નહિ કે તું યોગી થઈ જા. સંન્યાસ લઈ લે પત્નીને છોડી દો અને આવા અકાળે વૈરાગ્યનો પણ કોઈ મતલબ નહતો.

જો કે આવી નાની નાની વ્યવહારિક ચર્ચાઓ વચ્ચે બાબા બહુ અર્થ ગંભીર વાતો પણ કરતા. એક વાર બન્યું એવું કે બાપુ સાહેબ જોગના માતાજીનું શિરડીમાં જ દેહાંત થયું. બાપુસાહેબ પૂરા વિધિવિધાન અને કર્મકાંડ મુજબ એની અંતિમક્રિયા

**બાપુસાહેબને સુખશાંતિ તો હતી પરંતુ એ સામાન્ય માણસોના જીવનમાં જેમ સાધારણ ખુશી બની રહે છે એવો એ સંતોષ હતો**

વાંચન છતાં બાપુ સાહેબને સુખ કે શાંતિ ન હતી? તો અહીં ભૂલ થાય છે કારણ કે બાપુ સાહેબને સુખ શાંતિ તો હતી પરંતુ એ સામાન્ય માણસોના જીવનમાં જેમ સાધારણ ખુશી બની રહે છે એવો એ સંતોષ હતો. જીવન પ્રત્યે સંતોષ હતો.

કોઈ દુઃખ ન હતું. પરંતુ માણસને ત્યારે ભૂખ જાગે છે કે જયારે એને સંસારના રસ પ્રત્યે અણગમો થવા માંડે છે. આથી જ બાબાએ કહ્યું કે તારા પુણ્ય પણ નષ્ટ થશે ત્યારે જ તારા ચિત્ત અને શરીર શુધ્ધિ થશે અને તારું સંપૂર્ણ મન પરમાત્મામાં એકલીન થશે.

હાલ તારાં પુણ્ય કર્મોને લઈને તને પવિત્ર પતિવ્રતા પત્ની મળી છે અને તારું મન હજુ જવાબદારીથી બંધાયેલું છે. સંસાર બાકી છે પરંતુ તારી પત્નીના કરવાના મતના હતા. તેથી નાશિક જઈને એમની જ્ઞાતિના બ્રાહ્મણ પાસે આ વિધિ કરાવવી એવું વિચારી મસ્જિદમાં પ્રવેશ્યા અને બાબાને કહ્યું કે શિરડીમાં એમની જ્ઞાતિના કોઈ બ્રાહ્મણ નથી તેથી ચોક્કસ તારીખ માટે આ શ્રાધ્ધ તર્પણ વિધિ માટે નાશિક જઈ બ્રાહ્મણને શોધી લાવું એ માટે રજા આપો. જો કે બાબાએ જાણે કંઈ ધ્યાન આપ્યું નહિ એવું કર્યું.

તેથી રોષે ભરાયેલા જોગે ફરીથી બાબાને કહ્યું કે જે થાય તે હું આજે જ નાશિક જાઉં છું. તેથી બાબાએ કહ્યું કે ‘આપણે સાંજે નક્કી કરીએ.’ આટલું કહેવા છતાં બાપુસાહેબ માન્યા નહિ અને જીદ પકડી બેઠા. આપણે હાથે કરીને દુઃખો ઊભા કરીએ છીએ.

( ક્રમશઃ)

# પર્યાવરણ જાળવણી પણ ભકિત છે

## ધર્મ મર્મ
**શ્રીજીવ વ્યાસ**

યજ્ઞ, હોમ સહિતના ધાર્મિક કર્મકાંડ બાદ શાંતિપાઠ કરવામાં આવે છે. જે જાણીતો છે. ‘ૐ ધોઃ શાંતિરન્તરિક્ષ શાંતિઃ ....’ શુક્લ યજુર્વેદ અંતર્ગત શાંતિપાઠનો ભાવાર્થ એ છે કે, દ્યુલોક શાંતિ પ્રદાન કરે, અંતરિક્ષલોક શાંતિ પ્રદાન કરે, ભૂમિ શાંતિ પ્રદાન કરે, જળથી શાંતિ પ્રાપ્ત થાય, ઔષધિઓ શાંતિ આપનારી હોય, વનસ્પતિઓ શાંતિ પ્રદાન કરે, સહુ વિદ્વાનો શાંતિ ઉત્પન્ન કરે, જ્ઞાન શાંતિ આપનાર હોય. આખું જગત શાંતિ સ્થાપિત કરે. શાંતિ પણ સાચી શાંતિ આપનારી હોય તથા આ પ્રકારની સાચી શાંતિ મને પ્રાપ્ત થાવ’ એટલે કે તમામ પદાર્થ શાંતિ સ્થાપિત કરવામાં સહાયક બને. ટૂંકમાં શાંતિપાઠ સૃષ્ટિના પદાર્થોના સંતુલન જાળવી રાખવાનો ઉપદેશ આપે છે. આ કહેવામાં આવે છે જળ, વાયુ, વનસ્પતિ, પૃથ્વી વગેરે તમામ તરફથી શાંતિ મળતી રહે તેનો અર્થ એ કે પર્યાવરણનાં તમામ પાસાંઓમાં સંતુલન જળવાઈ રહે અને તો જ જીવ માત્ર માટે હિતકારક બને અને સાચી શાંતિ પ્રાપ્ત થાય. વૈદિક સાહિત્યમાં પર્યાવરણ શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ નથી પરંતુ તેના મૂળભૂત સિદ્ધાંત વિપુલ પ્રમાણમાં છે. પર્યાવરણ બે શબ્દોનો બનેલો છે પરિ અને આવરણ. પ્રકૃતિનું આવરણ એટલે આપણી ચારે તરફ પ્રકૃતિનું જે આવરણ છે તે આવો સીધોસાદો અર્થ કરી શકાય.

આ સપ્તાહમાં વિશ્વ પર્યાવરણ દિન છે. પર્યાવરણ એ હદે દૂષિત બન્યું છે અને તેને એટલું ગંભીર નુકસાન પહોંચી રહ્યું છે કે દુનિયાભરના દેશો ચિંતિત છે. પૃથ્વી, જળ, તેજ(અગ્નિ), વાયુ આકાશ. આ પાંચેય તત્ત્વોથી આપણું શરીર અને સૃષ્ટિ બની છે જે દૂષિત થવાથી માનવજીવન ત્રસ્ત બન્યું છે. ભૂમિનું ખાણ, ખનિજ, તોતિંગ ઈમારતો માટે બેફામ ખોદકામ, મળ-મૂત્ર સહિતની તમામ પ્રકારની ગંદકી, રાસાયણિક ખાતરોનો બેફામ ઉપયોગ, વૃક્ષોનું બેફામ નિકંદન જેવી પ્રવૃત્તિઓએ ભૂમિના રસ-કસ અને સત્ત્વ હણી લીધાં છે. પ્રદૂષિત જળે અમૃત સમાન જળનો અર્થ જ ભુલાવી દીધો છે. કારખાનાં અને ઉદ્યોગોમાંથી છૂટતાં ગંદા રાસાયણિક પાણી એ ભૂમિ જળને તો પ્રદૂષિત કરે જ છે સાથોસાથ આવાં કારખાનાઓ દ્વારા છૂટતા અત્યંત હાનિકારક વાયુઓએ વાયુમંડળને ભયંકર દૂષિત કરી નાખ્યું છે. દેશમાં ઔદ્યોગિક સ્થળો તથા શહેરોમાં વાયુ પ્રદૂષણની માત્રા ભયજનક હદે વધી ગઈ છે. હાઈડ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન જેવા વાયુઓએ આપણે જે શ્વાસ લઈએ છીએ તે પ્રાણવાયુ -ઓક્સિજનની માત્રા ઘટાડી દીધી છે. વાયુ પ્રદૂષણથી અનેક લોકો બીમાર પડે છે.

આકાશ-અંતરિક્ષનું પર્યાવરણની દ્રષ્ટિએ ખૂબ મહત્ત્વ છે કેમ કે વાયુમંડળમાં વ્યાપ્ત દૂષિત વાયુઓને કારણે પૃથ્વીના ઉપલા સ્તરે અવકાશમાં રહેલા ઓઝોનના પડને ખૂબ જ ગંભીર નુકસાન પહોંચાડ્યું છે. જેને કારણે હિમશિલાઓ પીગળી રહી છે, સમુદ્રની સપાટી વધી રહી છે. ઋતુચક્ર ખોરવાઈ ગયું છે. અસહ્ય ગરમી, કમોસમી વરસાદ, વાવાઝોડા, આંધી, નિશ્ચિત ઋતુથી વિપરીત હવામાન થવાને કારણે લોકોના આરોગ્ય અને રોજબરોજની પ્રવૃત્તિને માઠી અસર પહોંચાડી છે. ક્લાયમેટ ચેન્જ- જળવાયુ પ્રદૂષણને અંકુશમાં લેવા દુનિયાભરના દેશો ચિંતિત છે અને પર્યાવરણ સુધારવા મથામણ કરી રહ્યા છે. માનવજાતની લાલચ અને શોષણવૃત્તિએ પર્યાવરણ બગાડ્યું છે. તેને સુધારવાનું કામ પણ માનવે જ વ્યક્તિગત જવાબદારી સમજી કરવું પડશે.

**વેદ સહિત આપણા ધર્મગ્રંથોમાં પંચતત્ત્વોને દેવી-દેવતા ગણવાની અને તેનું પૂજન કરવાની વાત કરી છે કે જેથી તેને માનવી પ્રદૂષિત નહીં કરે. માન જાળવે. પૃથ્વીને માતા, જળદેવતા, નદી માતા, પર્વત દેવ, સૂર્યદેવતા, અગ્નિદેવતા, વાયુદેવતા, અંતરિક્ષદેવતા**

જ્ઞાનવિજ્ઞાનના ભંડાર એવા વેદમાં પર્યાવરણ જાળવણી સંવર્ધનના ઉપાયો છે. આપણા મંત્રદ્રષ્ટા ઋષિ-મુનિઓએ હજારો વર્ષો પહેલાં પર્યાવરણના ઘટકોની જાળવણીના ઉપાયો બતાવ્યા છે. સુંદર તંદુરસ્ત પરિકલ્પના રજૂ કરી છે. પ્રકૃતિના સંતુલન અંગે અને તેની મહત્તા સૌથી વિશેષ યજુર્વેદ, ઋગ્વેદ અને અથર્વવેદમાં સમજાવી છે. તેની અવગણના કરવા સામે ચેતવણી પણ આપી છે.

વેદોમાં પંચતત્ત્વ સંબંધી સૂક્તો છે જેમ કે પૃથ્વી સૂક્ત(ભૂમિ સૂક્ત) અગ્નિ સૂક્ત, સવિતૃ સૂક્ત, વાયુ સૂક્ત, વરૂણ સૂક્ત (આપઃ) જળ સૂક્ત વગેરે છે. જેમાં જેતે તત્ત્વ નો મહિમા, મહત્ત્વ, સંવર્ધન અને તેની કલ્યાણકારિતાની સમજ, તેની અવગણના સામે ચેતવણી પણ આપી છે.

પર્યાવરણ સંબંધમાં સૌથી વધુ યજુર્વેદમાં છે. ચોથા અધ્યાયમાં જળનો મહિમા વર્ણવી અમૃતરૂપ ગણાવ્યું છે. 7મા અધ્યાયમાં જળ વર્ષાવનાર મરુત ગણોની વાત છે. 9મા અધ્યાયમાં પૃથ્વીની ઉપાસના છે. ઋગ્વેદમાં માનવજાતિ દ્વારા પર્યાવરણના ખતરાની આશંકા વ્યક્ત કરી તેને દૂષિત કરવાની પ્રવૃત્તિઓને પાપ ગણ્યું છે. પ્રાકૃતિક શક્તિઓ સ્વયં ભગવાનની અભિવ્યક્તિ માનવામાં આવી છે. તે વંદનીય છે. બ્રહ્માંડમાં પંચમહાભૂત



તત્ત્વ એટલે કે પૃથ્વી, જળ, વાયુ, તેજ(અગ્નિ) અને અંતરિક્ષ -આકાશ સામેલ છે. અથર્વવેદમાં પણ પૃથ્વીનું વર્ણન છે જે ભૂમિ સૂક્ત કે પૃથ્વી સૂક્તથી ઓળખાય છે. તેમાં પણ પર્યાવરણની અવગણના કરવા સામે ચેતવણી ઉચ્ચારી છે. પર્યાવરણના ચાર પાયાના ઘટક છે વાયુમંડળ, જળમંડળ, સ્થળમંડળ અને જીવમંડળ. યજુર્વેદ ‘શં નો વાતઃ પવતાં શં ન સ્તપતુ સૂર્યઃ’. વાયુ આપણે માટે કલ્યાણકારી બની વાતો રહે, સૂર્ય આપણે માટે કલ્યાણકારી બની તપે, જળ ભરેલાં વાદળો (પર્જન્ય દેવ) સહુ માટે કલ્યાણકારક બની વરસે. ઋગ્વેદમાં પણ પર્યાવરણ સંબંધી સૂકતોની વ્યાખ્યા છે. અથર્વવેદમાં તમામ પંચમહાભૂતોની પ્રાકૃતિક વિશેષતા અને તેની ક્રિયાશીલતાનું વિગતે વર્ણન છે.

સામવેદમાં જીવનની મંગલ કામના અને પ્રકૃતિની અવિરત ઉપાસનાના ભાવ વર્ણવેલા છે. સામવેદ કહે છે, હે ઈન્દ્ર, સૂર્ય રશ્મિઓ અને વાયુથી અમારી માટે ઔષધિ ઉત્પન્ન કરો.

અથર્વવેદના પૃથ્વી સૂક્તમાં પૃથ્વી તત્ત્વનું માનવ જીવનમાં મહત્ત્વ સમજાવ્યું છે. ભૂમિના અવિવેકી દુરુપયોગથી થનારાં ઘાતક પરિણામોની ચેતવણી આપી છે. પૃથ્વીને માતા અને દ્યુ લોક (અંતરિક્ષ)ને પિતા ગણાવ્યા છે. સૂર્યને સમગ્ર સૃષ્ટિનો આત્મા, જન્મદાતા કહે છે કેમ કે સૂર્યથી પંચભૂતના પદાર્થો ઉત્પન્ન થાય છે.

વેદ સહિત આપણા ધર્મગ્રંથોમાં પંચતત્ત્વોને દેવી-દેવતા ગણવાની અને તેનું પૂજન કરવાની વાત કરી છે કે જેથી તેને માનવી પ્રદૂષિત નહીં કરે. માન જાળવે. પૃથ્વીને માતા, જળ દેવતા, નદી માતા, પર્વત દેવ, સૂર્યદેવતા,અગ્નિદેવતા, વાયુદેવતા, અંતરિક્ષદેવતા વગેરે.

ભગવાન શ્રીકૃષ્ણે તો ગીતામાં કહ્યું છે કે,- વૃક્ષોમાં હું અશ્વસ્થ છું. પીપળો છું.’

આપણે ત્યાં વડનું પૂજન થાય છે. બીલીપત્ર, તુલસી, દુર્વા, આમળા, કમળ આદરણીય છે. દેવપૂજામાં ઉપયોગ કરવામાં આવે છે. નદી, કૂવા, તળાવ જેવા જળ સ્ત્રોતોને ધાર્મિક વિધિઓ સાથે સાંકળી પૂજન કરવામાં આવે છે. સૂર્યનારાયણને જગતની જીવસૃષ્ટિના પ્રાણદાતા ગણી ઉપાસના કરવામાં આવે છે. જ્યારે પવિત્ર અગ્નિમાં શુદ્ધ ઔષધીય વનસ્પતિઓ, ગાયના ઘી સાથે હોમી વાયુ મંડળની અશુદ્ધિ તેમ જ હવામાં રહેલા વિષાણુઓ, જીવાણુઓ, અશુદ્ધ ઘટકો દૂર કરવા તથા વાયુમંડળ શુદ્ધ કરવા વખતે વખત હોમ, હવન,યજ્ઞ નાનામોટા પાયે કરવા તેમ જ ખાસ કરવાનું અને ઋતુ પરિવર્તન વખતે ખાસ કરવાનું વિધાન છે આ સર્વ બાબતોને ધ્યાનમાં રાખી પર્યાવરણને પ્રદૂષણથી મુક્ત રાખવા માટે વૈદિક વિધિઓ તરફ પાછા વળવા સાથે જે રીતે આપણે રોજ ભક્તિ કરીએ છીએ તે રીતે આપણી આસપાસનાં વૃક્ષોનું જતન, માવજત કરવાનો નિયમ બનાવીએ. પ્રસંગોપાત કે કોઈ અવસરને નિમિત્ત બનાવી વૃક્ષારોપણ કરીએ, રોપેલાં વૃક્ષોની માવજત, સંવર્ધનની જવાબદારી ઉઠાવીએ. જળને પ્રદૂષિત થતું રોકીએ, ‘જળ એ જીવન છે’ સૂત્ર મુજબ જળને વેડફીએ નહીં. વ્યક્તિગત કે સામૂહિક ધોરણે પર્યાવરણ જાળવવાની આપણી પ્રવૃત્તિ સ્વયં અને ભાવિ પેઢી માટે ખૂબ જરૂરી છે.

‘ઈદમ ન મમ’.